# All India Wado-Kai Karate-Do Association

Gujarat Branch

Member of

**Karate Association of India (KAI)**

KAI Recognized by

**Ministry of Sports and Youth Affairs, Govt. of India**

JKF WADO-KAI

15th Nov., 2015

H. Q. : SHIHAN SHRI ARVIND RANA Plot-791/D/3, Panchsheel Park, Sector-21, Gandhinagar-382021 (Gujarat) Mob. 97277 00208


### સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં સહયોગથી

# લીંબડી સ્થિત કુ. શિવાંગી એન. ઝાલા કન્યા વિદ્યાલય ખાતે ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન



સુરેન્દ્રનગર જિલ્લામાં પોલીસ અધિક્ષક શ્રી આર. વી. અસારીની પ્રેરણાથી સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ શિબિરોનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે. આ વર્ષે શિબિરની શરૂઆત લીંબડી સ્થિત કુ. શિવાંગી એન. ઝાલા કન્યા વિદ્યાલયની ૧૬૯ બહેનોથી કરવામાં આવી હતી.

આ શિબિરના સમાપન પ્રસંગે લીંબડીનાં ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણા, જિલ્લા પોલીસ વડા શ્રી આર. વી. અસારી, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જે. જે. જસાણી, અખિલ સૌરાષ્ટ્ર રાણી સાહેબ ટ્રસ્ટનાં મંત્રી શ્રી હરૂભા ઝાલા, પૂર્વ મંત્રી શ્રી જયેન્દ્રસિંહ ઝાલા, કારોબારી સભ્ય શ્રી નરેન્દ્રસિંહ ઝાલા, આચાર્યા શ્રીમતી અરૂણાબા જાડેજા સહિત અનેક ગણમાન્ય વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ધારાસભ્ય શ્રી કિરીટસિંહ રાણાએ શિબિરની પ્રસંશા કરી વિદ્યાર્થીનીઓને સશક્ત બનવા પ્રેરણા આપી હતી. પોલીસ વડા શ્રી આર. વી. અસારીએ પોતાના વક્તવ્યમાં મહિલાઓને સ્વરક્ષણ માટે સક્ષમ બનાવવામાં પોલીસ દ્વારા થઈ રહેલી કામગીરી વિશે જાણકારી આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને કરાટેનો નિયમિત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી.

જિલ્લાના નિયામક અને સિનીયર કોચ સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ તથા તેમની ટીમ દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

# આણંદ જિલ્લા પોલીસ દ્વારા તબીબી ક્ષેત્રે અભ્યાસ કરતી કોલેજની વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવના વર્ગનું આયોજન



સુરક્ષા સેતુ સોસાયટી આણંદ અંતર્ગત વિદ્યાનગર પોલીસ તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની આણંદ શાખા દ્વારા કરમસદ સ્થિત શ્રી જી. એચ. પટેલ કોલેજ ઓફ નર્સિંગ તથા એમ.બી.બી.એસ. કોલેજ ખાતે વિદ્યાર્થીની બહેનો માટે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં કોલેજની ૧૦૫ વિદ્યાર્થીની બહેનોએ ભાગ લીધો હતો. શિબિરના સમાપન સમારોહમાં આણંદનાં પોલીસ અધિક્ષક શ્રી અશોકકુમાર યાદવ, કરાટે અકેડમીનાં ગુજરાતનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, આણંદ જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર, કરમસદ મેડિકલ કોલેજના ડીન શ્રીમતિ ઉત્પલા ખારોડ, કોલેજ ઓફ નર્સિંગના આચાર્યા શ્રી રક્ષાબહેન પરમાર, સ્કુલ ઓફ નર્સિંગના આચાર્યા શ્રી કે. એસ. મસૂરકર તથા કરાટે અકેડમીનાં સહયોગી શ્રી અભેરાજ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે ૧૫ દિવસીય સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લીધેલ વિદ્યાર્થીની બહેનોએ કરાટેની તથા સ્વબચાવની વિવિધ ટેક્નિક્સનું નિદર્શન કર્યું હતું. નિદર્શન બાદ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ શિબિરમાં ભાગ લીધેલ બહેનોને અભિનંદન પાઠવી

(અનુ. પાન - ૪ ઉપર)

# સુરેન્દ્રનગર ઈન્ટરસ્કુલ કરાટે સ્પર્ધામાં સન્ની સ્કાય ઈંગ્લીશ હાઈસ્કુલની ટીમ ચેમ્પિયન બની






સુરેન્દ્રનગર ખાતે ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીઅશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા જિલ્લા કક્ષાની આંતરશાળાકીય કરાટે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગત ૧લી નવેમ્બરનાં રોજ યોજાયેલ આ સ્પર્ધામાં સુરેન્દ્રનગર શહેર ઉપરાંત વઢવાણ, લીંબડી, ધ્રાંગધ્રા અને પાટડી તાલુકાની મળીને કુલ ૧૭ શાળાઓનાં ૧૬૩ જેટલા ચુનંદા કરાટેવીરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેલાડીઓની ઉંમર, વજન અને બેલ્ટને ધ્યાનમાં રાખીને વિવિધ કેટેગરીમાં યોજાયેલ આ સ્પર્ધામાં ૧૦ ગોલ્ડ તથા ૧૩ સિલ્વર મેડલ્સ મેળવીને સન્નીસ્કાય ઈંગ્લિશ હાઈસ્કુલ પ્રથમ સ્થાને રહી હતી. ૬ ગોલ્ડ તથા ૫ સિલ્વર મેડલ્સ સાથે દયામયી માતા સ્કુલ દ્વિતીય સ્થાને રહી હતી.

સ્પર્ધાના સમાપન પ્રસંગે વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતનાં ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા ગાંધીનગરથી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સમાપન સમારોહમાં અતિથિ વિશેષ તરીકે સન્ની સ્કાય સ્કુલનાં આચાર્ય શ્રી અશોકનજી, સુરેન્દ્રનગર સ્પોર્ટ્સ એસોસીએશનનાં પ્રમુખ શ્રી બ્રિજરાજસિંહ ઝાલા, કોરડા ગામ હાઈસ્કુલનાં આચાર્ય શ્રી કિર્તીરાજસિંહ જાડેજા, ઓળક હાઈસ્કુલનાં આચાર્ય શ્રી કિરીટસિંહ રાઠોડ અને નાના અંકેવાળીયાના આચાર્ય શ્રી વિજયસિંહજી ઝાલાએ ખાસ ઉપસ્થિત રહી વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરી પ્રોત્સાહિત કર્યા હતા.

સુરેન્દ્રનગર જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈનાં માર્ગદર્શનમાં સ્થાનિક કોચ શ્રી તપનદવે, શ્રી મહેશ દમાઈ, શ્રી અર્પિત ચૌહાણ, કુ. ઝીલ ખંધાર, શ્રી પ્રદિપ રાણા વગેરેએ ઉપરાંત ગાંધીનગરથી આવેલા શ્રી સુરજ ત્રિપાઠીએ સ્પર્ધાના સંચાલનમાં સહયોગ પ્રદાન કરી પ્રસંશનીય કામગીરી કરી સ્પર્ધાને સફળ બનાવી હતી.

# પોરબંદર ડિસ્ટ્રીક્ટ ઈન્ટરસ્કુલ કરાટે સ્પર્ધામાં સેન્ટ મેરી સ્કુલની ટીમ ચેમ્પિયન બની






વાડોકાઈ કરાટે-ડો અકેડમીની પોરબંદર શાખા દ્વારા દર વર્ષે ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે આ સ્પર્ધા સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે યોજાઈ ગઈ.





લાયન્સ ક્લબ ઓફ પોરબંદરનાં સહયોગથી ભારતીય સેનાનાં વીર સપૂત એવા દિવંગત શ્રી જતીનાભાઈ ઓઝાની સ્મૃતિમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં પોરબંદરની વિવિધ શાળાઓનાં ૧૭૦ જેટલા વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

સ્પર્ધાના ઉદ્‌ઘાટન સમારોહમાં અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, જિલ્લા રમત-ગમત અધિકારી શ્રી વિશાલભાઈ દિયોરા, લાયન્સ ક્લબ ઓફ પોરબંદરનાં પ્રમુખ શ્રી રાજેષભાઈ લાખાણી, સેક્રેટરી શ્રી દેવાંગભાઈ હિંડોચા, ટ્રેઝરર શ્રી આશિષભાઈ પંડ્યા, શ્રી ધનંજયભાઈ ઓઝા વગેરે મહાનુભાવોના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી સ્પર્ધાનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.

સ્પર્ધા દરમ્યાન જિલ્લાનાં પોલીસ વડા ડૉ. ગિરીશભાઈ પંડ્યાએ સ્પર્ધા સ્થળની ખાસ મુલાકાત લઈ સ્પર્ધાને નિહાળી હતી. તેમણે કેટલીક ફાઈનલ ફાઈટ્સનું નિરીક્ષણ કર્યા બાદ વિજેતા ખેલાડીઓને મેડલ્સ અર્પણ કરી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

સમાપન સમારોહમાં શહેરનાં જાણીતા સિનીયર ડોક્ટર શ્રી સુરેશભાઈ ગાંધી, ડૉક્ટર શ્રી જયંતભાઈ કારીયા, આચાર્ય શ્રી મિતેશભાઈ ગોસ્વામી, સાંદિપનીનાં પીઆરઓ શ્રી દેવજીભાઈ ઓડેદરા, લાયન્સ પ્રેસિડેન્ટ શ્રી રાજેષભાઈ લાખાણી, સેક્રેટરી શ્રી દેવાંગભાઈ હિંડોચા, ઝોન ચેરપાર્સન શ્રી તેજસભાઈ લાખાણી, સ્પોર્ટ્સ કમિટીનાં ચેરપર્સન શ્રી રાજીવભાઈ વ્યાસ, પૂર્વ પ્રમુખ શ્રી ભૂપેન્દ્રભાઈ દાસાણી, ડિસ્ટ્રીક્ટ કેબિનેટ મંત્રી શ્રી પ્રણવભાઈ શાહ ઉપરાંત એસએજીનાં શ્રી રમેશભાઈ સોઢા, યાજ્ઞવલ્કય ઈંગ્લિશ મિડીયમ સ્કુલનાં વાઈસ પ્રિન્સીપાલ શ્રી પ્રિયાબેન ગજ્જર વગેરેએ ઉપસ્થિત રહ્યાં હતા.

સેન્ટ મેરી સ્કુલની ટીમે પ્રથમ સ્થાને રહી ચેમ્પિયન ટ્રોફી મેળવી હતી. જ્યારે સેન્ટ જોશેફ શાળાની ટીમે દ્વિતીય સ્થાને રહી રનર અપ ટ્રોફી મેળવી હતી.

# બોટાદ જિલ્લા પોલીસ દ્વારા રાણપુર તથા બરવાળાની વિવિધ શાળાઓમાં મહિલા સ્વબચાવ શિબિરો યોજાઈ









સુરક્ષા સેતુ સોસાયટી, બોટાદ દ્વારા બોટાદ જિલ્લાનાં રાણપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલી શ્રી રૂ. અ. કન્યા શાળા, જન્મભૂમી માધ્યમિક અને પ્રાથમિક શાળા, શ્રીમતી સી. એસ. ગદાણી હાઈસ્કુલ ખાતે ૬૨૦ વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવની ૧૫ દિવસીય શિબિર યોજાઈ ગઈ. આ શિબિરમાં અકેડમીનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી રાજેષભાઈ બુંદેલાના નેતૃત્વમાં તેમની ટીમનાં નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

શિબિરનો પ્રારંભ રાણપુર પોલીસ સ્ટેશનનાં પીએસઆઈ શ્રી એમ. એલ. ઝાલા તથા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાનાં વરદ હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે જન્મભૂમિ માધ્યમિક શાળાનાં આચાર્ય શ્રી રસીકભાઈ પટેલ અને શ્રી રૂ. અ. કન્યા શાળાનાં આચાર્ય શ્રી જનકભાઈ ગોંડલીયા, સિનીયર શિક્ષક શ્રી ગિરીશભાઈ બારોટ, શિક્ષકો તથા સુરક્ષા સેતુ પ્રોજેક્ટનાં અમલીકરણ કરતા પો.કો. શ્રી હરેશભાઈ બી. ખેરાળીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

જન્મભૂમિ માધ્યમિક શાળા ખાતે બધી શાળાઓનો સામુહિક સમાપન સમારોહ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીનીઓ દ્વારા તેમણે શીખેલી કળાનું રોમાંચક નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ તમામ શિબિરાર્થીઓને આ વિદ્યાનો નિયમિત ઘરે અભ્યાસ કરતા રહેવાની પ્રેરણા આપી સંકલ્પ લેવડાવ્યો હતો. તેમણે શાળાનાં આચાર્યશ્રીઓને પણ માસ ડ્રીલનાં પીરીયડમાં કરાટે માટે થોડો સમય ફાળવવા અનુરોધ કર્યો હતો. આચાર્યશ્રીઓએ પણ આ માટે પોતાની અનુમતિ આપી દર શનિવારે એમડીનાં તાસમાં કરાટેનો અભ્યાસ કરાવવાનું આશ્વાસન આપ્યું હતું.

અંતમાં મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

બરવાળા ખાતે શ્રીમતી કે. બી. એમ. ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ૪૬૩ વિદ્યાર્થીનીઓને તથા મીશ્ર શાળા નં. ૧ ખાતે ૯૯ વિદ્યાર્થીનીઓ અને બરવાળા ખાતે નવી જ શરૂ કરાયેલ સરકારી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની ૫૭ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની કળાનું ક્રિયાત્મક પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

સેનસાઈ શ્રી રાજેષભાઈ બુંદેલાની ટીમનાં નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા વિદ્યાર્થીનીઓને ૧૫ દિવસો સુધી દરરોજ તાલીમ આપવામાં આવી હતી.

આ શિબિરના સમાપન પ્રસંગે શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને આ કળાનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે કરાટેનો સમયાંતરે નિયમિત અભ્યાસ કરતા રહેવાથી થનારા લાભો વર્ણવી કરાટેના અભ્યાસને દિનચર્યાનો ભાગ બનાવવા સંકલ્પ લેવડાવ્યો હતો.

આ પ્રસંગે આચાર્ય શ્રી બી. એલ. ચૌહાણે આ શિબિરની પ્રસંશા કરતાં કહ્યું હતું કે અમારી કલ્પના બહારનું પરિણામ જોઈ આનંદ થાય છે. કોચ દ્વારા ખૂબ નિષ્ઠાથી અને નિયમિતરીતે સમયસર વર્ગોનું સફળ સંચાલન કરવામાં આવ્યું હોવાનું જણાવી તેમણે વિદ્યાર્થીનીઓને નિયમિત અભ્યાસ કરતા રહેવા પ્રેરણા આપી હતી.

શિહાન શ્રી અરવિંદભાઈ રાણાના આગ્રહને ધ્યાનમાં લઈને સમુહ કવાયતનાં તાસમાં કરાટે માટે સમય ફાળવવાની તેમણે જાહેરાત કરી હતી.

## બોટાદ ખાતે શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વબચાવની કળાનું રોમાંચક નિદર્શન યોજાયું







સુરક્ષા સેતુ સોસાયટી, બોટાદ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં માધ્યમથી મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો યોજવામાં આવી હતી. આ શિબિરમાં જોડાયેલી રાણપુરની વિદ્યાર્થીનીઓ દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડીયા અંતર્ગત યોજાયેલા એક કાર્યક્રમમાં સ્વબચાવની કળાનું સામુહિક નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં પોલીસ અધિક્ષક શ્રી એસ. કે. ગઢવી, નાયબ પોલીસ અધિક્ષક શ્રી તેજસભાઈ પટેલ, નાયબ કલેક્ટરશ્રી સહિત અનેક ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા શહેરનાં અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

પોલીસ અધિક્ષક શ્રી એસ. કે. ગઢવીએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સશક્તિકરણના ક્ષેત્રમાં થઈ રહેલી કામગીરી વિશે માહિતી આપી વધુને વધુ મહિલાઓ સુધી લાભ પહોંચે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

કાર્યક્રમના અંતમાં મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

# ગાંધીનગર પોલીસ દ્વારા સરકારી વાણિજ્ય કોલેજ ખાતે મહિલા સ્વબચાવ શિબિર સંપન્ન

ગાંધીનગરનાં સેક્ટર -૧૫ સ્થિત સરકારી વાણિજ્ય કોલેજ ખાતે તાજેતરમાં ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા યોજાયેલ આ શિબિરમાં બ્લેક બેલ્ટ નિષ્ણાત પ્રશિક્ષક શ્રી જિગ્નેશ ત્રિવેદી તથા તેમની ટીમ દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

શિબિરના અંતે યોજાયેલા સમાપન સમારોહનાં પ્રારંભમાં વિદ્યાર્થીનીઓ દ્વારાવિવિધ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે સુરક્ષા સેતુ પ્રોજેક્ટનાં નોડલ અધિકારી તથા પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી પી. સી. વલેરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ વિશે વિદ્યાર્થીનીઓને સમજ આપી પોલીસથી નડરવા સલાહ આપી હતી. તેમણે શીખેલી વિદ્યાનો જરૂર પડે ત્યારે સાહસપૂર્વક ઉપયોગ કરવા પણ અનુરોધ કર્યો હતો. વાડોકાઈ કરાટે-ડો એકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીનીઓને કરાટેનો નિયમિત અભ્યાસ કરતા રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે મહિલા સશક્તિકરણ માટે સરકાર દ્વારા કરવામાં આવી રહેલા પ્રયાસોની પ્રસંશા કરી વિદ્યાર્થીનીઓને તેનો લાભ ઉઠાવવા અનુરોધ કર્યો હતો.

કોલેજનાં આચાર્ય શ્રી એસ. જી. દેસાઈ એ પોતાના





પ્રાસંગિક ઉદ્દબોધનમાં વર્તમાન સમયમાં મહિલાઓ ઉપર વધી રહેલા અત્યાચારનો ઉલ્લેખ કરી મહિલાઓ સ્વયં સશક્ત બને અને પોતાનું રક્ષણ કરે તે માટે આ પ્રકારનાં કાર્યક્રમોનું આયોજન થતું રહે તેવી લાગણી વ્યક્ત કરી હતી. કરાટે એકેડમીનાં સંરક્ષક તથા રોટરી ક્લબનાં પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલાએ વિદ્યાર્થીનીઓને આ કળાના મહત્વને સમજી તેનો મહત્તમ લાભ લેવા અનુરોધ કર્યો હતો.

મંચસ્થ મહાનુભાવોના વરદ હસ્તે વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. શિબિરનાં સફળ આયોજનમાં પ્રાધ્યાપિકા શ્રી ફાલ્ગુનીબેન મેશરવાલા તથા શ્રી હિનાબહેન ઝાલાએ પ્રસંશનીય કામગીરી કરી હતી. કાર્યક્રમના અંતે પ્રાધ્યાપક શ્રી તુષારભાઈ રાણાએઆભાર વિધિ કરી હતી.

# ગાંધીનગર સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સંપન્ન

ગાંધીનગરનાં સેક્ટર-૮ સ્થિત આદર્શ નિવાસી કન્યા શાળા ખાતે તાજેતરમાં ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. વાડોકાઈ કરાટે-ડો એકેડમીનાં નિષ્ણાત કોચ શ્રી હનુભાઈ પરમાર તથા તેમની ટીમ દ્વારા આ શિબિરનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં આવ્યું હતું.

આ શિબિરનાં સમાપન પ્રસંગે સેક્ટર-૭ સ્થિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એલ. બી. મોણપરા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા. તેમણે વિદ્યાર્થીનીઓ દ્વારા કરવામાં આવેલ નિદર્શનને નિહાળી




પોતાનાં વક્તવ્યમાં શિબિરને સફળ ગણાવી હતી. તેમણે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ વિશે સમજ આપીપોલીસથી ન ડરવાસલાહ આપી હતી.

શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ પોતાના વક્તવ્યમાં વિદ્યાર્થીનીઓને શરીરને સ્વસ્થ રાખવા,બળવાન બનાવવા તથા તેનું રક્ષણ કરવામાં કરાટે જેવી વિદ્યા કેવી રીતે કામ કરે છે તેની જાણકારી આપી હતી.

આ કાર્યક્રમમાં કરાટે એકેડમીનાં સંરક્ષક શ્રી જગતભાઈ કારાણી, રોટરી ક્લબનાં પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા, સેક્રેટરી શ્રીમતી ગીતાબા ચૌહાણ, વિદ્યાર્થીનીઓ માટે સતત કાર્યરત રહેતા રોટે. શ્રીમતી અમીબહેન શાહ, કરાટે એકેડમીનાં સહયોગી શ્રી અભયરાજ ચૌધરી, કન્યા શાળાના શિક્ષકવૃંદ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

## પંચમહાલ..

(પાન - ૫નું શેષ)

શિબિરમાં શાળાની ૧૩૭ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે આચાર્ય શ્રી મહેન્દ્રસિંહ એમ. રાણા, જિલ્લા ટેક્નિકલ ડાયરેક્ટર શ્રી ચિરાગ સોની, કરાટે એકેડમી જિલ્લા કન્વીનર શ્રી લક્ષ્મણભાઈ પરમાર તથા સિનીયર કોચ શ્રી ગૌતમભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

ઘોઘંબા સ્થિત શ્રી એચ. એસ. વરિયા હાઈસ્કુલ ખાતે યોજાયેલ શિબિરમાં ૨૦૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આ ઉપરાંત જીવન જ્યોત હાઈસ્કુલ, કવ્વાલી ખાતે ૧૮૦ વિદ્યાર્થીનીઓને તથા વાડી સ્થિત સરસ્વતી વિદ્યાલયની ૨૧૪ વિદ્યાર્થીનીઓને પણ સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની જિલ્લાની તમામ શાળાઓમાં પણ સ્વબચાવની શિબરોનું આયોજન કરવામાં આવ્યું હતું.

## આણંદ જિલ્લા..

(પાન - ૧નું શેષ)

કરાટેની કળાનો નિયમિત અભ્યાસ કરવા જણાવ્યું હતું. તેમણે વિદ્યાર્થીનીઓને શરીરનું મૂલ્યસમજાવીતેને સ્વસ્થ રાખવા માટે તથા તેની રક્ષા માટે કરાટેનો અઠવાડિયામાં બે દિવસ અભ્યાસ કરવા સંકલ્પ લેવડાવ્યો હતો.

આ પ્રસંગે આણંદનાં એસપી શ્રી અશોકકુમારે સુરક્ષાસેતુ સોસાયટીની વિવિધ યોજનાઓ અભયમ્, નિર્ભય સવારીની માહિતી આપી હતી. આ ઉપરાંત સોશ્યલ મિડીયાનો ઉપયોગ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તથા સાયબર ક્રાઈમ સામે કેવી રીતે સુરક્ષિત રહી શકાય તે બાબતે પ્રકાશ પાડ્યો હતો. સુરક્ષિત સમાજના નિર્માણ માટે જરૂરી સૂચનો કર્યા હતા.

ઉપસ્થિત મહાનુભાવોના વરદહસ્તે શિબિરાર્થી બહેનોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આણંદ જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા માટે કાળજી રાખવા અંગે બનાવેલ અવર સેફ્ટી પુસ્તક દરેક વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી. કોલેજના આચાર્યા શ્રી રક્ષાબહેને શિબિરના આયોજન સાથે જોડાયેલ તમામ સંસ્થાઓનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં કરાટે કોચ સેનસાઈ શ્રી મેહુલ ઠક્કર, સેનસાઈ શ્રી શાલિની કુશવાહ, સેનસાઈ શ્રી તિથી ઠક્કર, સેમ્પાઈ શ્રી મીનાબહેન મુનિયા, સેમ્પાઈ શ્રી પાયલ કુશવાહ તથા સેમ્પાઈ શ્રી પ્રાંજલ પટેલે પણ યોગદાન આપ્યું હતું.

## ગાંધીનગર..

(પાન - ૯નું શેષ)

સુધાબેન પી. પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.

આ જ કેમ્પસમાં આવેલ શ્રી એસ. જી. ઈંગ્લિશ મિડીયમ સ્કુલ ખાતે ૨૫૯ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહમાં કરાટે એકેડમીનાં ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રમાણપત્રો એનાય કર્યા હતા.

# પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી માત્ર ચાર માસમાં ૫૮૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું






ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત પંચમહાલ જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી જિલ્લાની વિવિધ શાળા તથા કોલેજની ૫૮૦૦ જેટલી વિદ્યાર્થીનીઓને છેલ્લા ચાર માસ દરમ્યાન સ્વબચાવની તાલીમ આપવામાં આવેલ.

જેમાં ગોધરાના દાહોદ રોડ ઉપર વાવડી બુઝર્ગ સ્થિત કલરવ સ્કૂલની ૩૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પીએસઆઈ શ્રી કે. કે. ડીંડોડ, કરાટેઅકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા શાળાનાં આચાર્ય શ્રી જયેશ એ. શાહ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગોધરા સ્થિત એસ.આર.પી. ગૃપ ગુજરાતી પ્રા. શાળા ખાતે શાળાની ૧૫૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે વાડોકાઈ કરાટે-ડો અકેડમીના ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા આચાર્ય શ્રી વિપુલભાઈ એમ. પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગોધરા સ્થિત આચાર્ય નરેન્દ્રદેવ ગર્લ્સ હાઈસ્કૂલ તથા રેવાલહરી પ્રાથમિક કન્યા વિદ્યાલય ખાતે યોજાયેલ સ્વબચાવની શિબિરમાં ૩૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેના સમાપન પ્રસંગે મુખ્ય મથકનાં નાયબ પોલીસ અધિક્ષક તથા સુરક્ષા સેતુ સોસાયટી, પંચમહાલનાં સભ્ય સચિવ શ્રી બિપીનચંદ્ર ઠક્કર, વાડોકાઈ કરાટે-ડો અકેડમીના ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા આચાર્ય શ્રી રોનકકુમાર બી. દવે અને શિબિર સંચાલક સેનસાઈ શ્રી લક્ષ્મણભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

શહેરા સ્થિત શારદા મંદિર હાઈસ્કુલની ૧૫૦ વિદ્યાર્થીનીઓએ સ્વબચાવની શિબિરમાં ભાગ લીધેલ હતો. સમાપન કાર્યક્રમ પ્રસંગે આચાર્ય શ્રી એમ. વી. જોષી તથા હેડ કોન્સ્ટેબલ શ્રી સુરજસિંહ શંભુભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

વેજલપુર સ્થિત એકલવ્ય કન્યા નિવાસી શાળાની ૨૨૯ વિદ્યાર્થીનીઓને તથા એકલવ્ય મોર્ડન રેસીડન્સ સ્કૂલની ૧૭૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. શિબિરના સમાપન પ્રસંગે પોલીસસબ ઈન્સ્પેક્ટર શ્રી એસ. બી. પઢેરીયા, શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, આચાર્ય શ્રી ભાવેશ એમ.પટેલ, આચાર્યા શ્રીમતી રાજજોદેવી ગુપ્તા તથા શિબિર દરમ્યાન તાલીમ આપનાર કરાટે કોચ લક્ષ્મણભાઈ પરમાર તેમની સહયોગી ટીમ સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

ગોધરા સ્થિત સરકારી ઈજનેરી કોલેજ ખાતે ૯૯ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહમાં કોલેજના આચાર્યા શ્રી કીન્નરીબેન શાહ તથા સ્થાનિક કોચ સેનસાઈ શ્રી લક્ષ્મણભાઈ પરમારની ઉપસ્થિતિમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ સ્વબચાવની ટેક્નિક્સનું ક્રિયાત્મકરૂપમાં નિદર્શન કર્યું હતું.

કાલોલ સ્થિત શ્રીમતી ચંદાબેન ભાઈદાસ ગર્લ્સ હાઈસ્કુલ ખાતે ૫૨૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે કાલોલ કેળવણી પ્રચારક મંડળના મંત્રી શ્રી વિરેન્દ્રભાઈ મહેતા, સ્થાનિક કોચ શ્રી લક્ષ્મણભાઈ પરમાર તથા શિબિર દરમ્યાન પ્રશિક્ષણ આપનાર કોચ શ્રી બી.એસ. મેઘવાલ તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

શહેરા સ્થિત શ્રીમતી એસ. જે. દવે હાઈસ્કૂલની ૨૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહ પ્રસંગે એએસઆઈ શ્રી સમરસિંહ બી. પટેલ, આચાર્ય શ્રી વિપુલભાઈ એસ. પાઠક તથા કોચ સેનસાઈ શ્રી ગૌતમભાઈ પરમાર અને તેમની ટીમના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

માંગલીયાણા સ્થિત સર્વોદય હાઈસ્કૂલ અને મુક્તજીવન સ્વામીબાપા વિદ્યા મંદિર ખાતે યોજાયેલ શિબિરમાં શાળાની ૧૫૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે એએસઆઈ શ્રી જશવંતસિંહ, આચાર્યશ્રી અર્જુનસિંહ તથા કોચ શ્રી ગૌતમભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.






અણીયાદ સ્થિત શ્રી કે. જે. પટેલ માધ્યમિક શાળાની ૧૩૫ વિદ્યાર્થીનીઓને તથા અણિયાદ કેન્દ્રવર્તી શાળાની ૧૦૨ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે આચાર્ય શ્રી રજનીકાન્ત એ. પટેલ, આચાર્ય શ્રી વિજયકુમાર પટેલ, રીટાયર્ડ આચાર્ય શ્રી ભીખાભાઈ જે. પટેલ, મદદનીશ શિક્ષકગણ શ્રી કાન્તિલાલ એમ.પટેલ, શ્રી ભાથીસિંહ ડી. પરમાર તથા શ્રી જયંતિભાઈ કે. રાણા ઉપસ્થિત રહ્યાં હતાં.

બાહી સ્થિત બાહી કન્યા પ્રાથમિક શાળાની ૧૨૬ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે આચાર્યા શ્રીમતી ગીતાબેન એસ. ઠાકોર, એસએમસી અધ્યક્ષ શ્રી અજીતસિંહ જે. સોલંકી, સી.આર.સી. શ્રી રાજેન્દ્રસિંહ એલ. બિહોલા તથા સરપંચ શ્રી અસ્મિતાબેન એચ. પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

ઉજડા (વાડી) સ્થિત શ્રી સરસ્વતી વિદ્યાલયની ૨૧૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે આચાર્ય શ્રી અરવિંદભાઈ એમ. પટેલ, સેનસાઈ શ્રી લક્ષ્મણભાઈ પરમાર તથા સેનસાઈ શ્રી ગૌતમભાઈ પરમાર ઉપસ્થિત રહ્યાં હતાં.

નદીસર સ્થિત શ્રી મહાજન ઈંગ્લીશ સ્કૂલ ખાતે યોજાયેલ

(અનુ. પાન -૪ ઉપર)

# પોરબંદર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો દ્વારા ૨૬૦૮ વિદ્યાર્થીનીઓનું સશક્તિકરણ

ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત પોરબંદર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકડેમીના સહયોગથી જિલ્લાની વિવિધ શાળા તથા કોલેજની ૨૬૦૮ જેટલી વિદ્યાર્થીનીઓને છેલ્લા ચાર માસ દરમ્યાન સ્વબચાવની તાલીમ આપવામાં આવેલ. જેમાં ડૉ. વી. આર. ગોઢાણીયા મહિલા હોસ્ટેલ ખાતે ૫૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી રણછોડભાઈ હડીયા, શાળાનાં આચાર્યા શ્રીમતી પુષ્પાબેન જોષી, કેળવણીકાર શ્રી ઈશ્વરભાઈ ભરડા, સંસ્થાના ટ્રસ્ટી શ્રી ભરતભાઈ વિસાણા તથા શિબિર દરમ્યાન ટ્રેનિંગ આપનાર જિલ્લાના નિયામક તથા સિનીયર કોચ સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા તથા મદદનીશ કોચ શ્રી જયોતિ બુકેલીયા ઉપસ્થિત રહ્યાં હતાં.





ખાપટ સ્થિત ગુરૂકુલ મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે ૨૮૮ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક શ્રી એમ. ડી. જાડેજા, નાયબ પોલીસ અધિક્ષક શ્રી ડી. એમ. પરમાર, સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી ચાવડા, મહિલા પીએસઆઈ શ્રી આર.બી.સોલંકી, કોલેજનાં આચાર્ય શ્રી જયેશભાઈ એ.ભટ્ટ, એનએસએસ પ્રોગ્રામ ઓફીસર શ્રીમતી રોહીણીબા જાડેજા, ખેલકૂદ યોગધારાના શ્રીમતી રમાબેન ગોહિલ તથા જિલ્લાના નિયામક સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

રાણાવાવ સ્થિત પે સેન્ટર કન્યા શાળા ખાતે ૪૦૧ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સી.પી.આઈ. શ્રી એ. એલ. આચાર્ય, મહિલા પીએસઆઈ શ્રી આર. બી. સોલંકી, શાળાનાં આચાર્ય શ્રી મીતેશગીરી ડી. ગોસ્વામી તથા કરાટે અકેડમીનાં ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યા હતા.

રાણાવાવ સ્થિત વી. આઈ. એમ. હાઈસ્કૂલ ખાતે ૧૯૮ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ. એલ. આચાર્ય, શાળાનાં આચાર્ય શ્રી જાવેદ એચ. પઠાણ તથા કોચ શ્રી મહેશ મોતીવરસ ઉપસ્થિત રહ્યાં હતાં.

રાણા કંડોરાણા સ્થિત એમ. એમ. કે. હાઈસ્કૂલ ખાતે ૨૪૩ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સર્કલ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એ. એલ. આચાર્ય, શાળાનાં આચાર્ય શ્રી લીલાભાઈ ઓડેદરા તથા કરાટે કોચ શ્રી જયેશ ખેતરપાળ તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.





રાણા કંડોરાણા સ્થિત શ્રી પરિશ્રમ વિદ્યાલય ખાતે ૨૮૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સીપીઆઈ શ્રી એ. એલ. આચાર્ય, શાળાનાં આચાર્ય શ્રી અરશીભાઈ હાથલીયા તથા કોચ શ્રી જયેશ ખેતરપાળ તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

રાણાવાવ સ્થિત શ્રી સ્વામીનારાયણ વી. એમ. કે. પ્રાયમરી સ્કૂલ ખાતે ૧૬૨ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સીપીઆઈ શ્રી એ. એલ. આચાર્ય, શાળાનાં આચાર્યા શ્રીમતી મીનાબેન સોઢા તથા કોચ શ્રી મહેશ મોતીવરસ તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

પોરબંદર સ્થિત કમલાબાગ વિસ્તારમાં આવેલ મહર્ષિ દયાનંદ સાયન્સ કોલેજ ખાતે ૧૯૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી રણછોડભાઈ હડીયા, એસઓજી પીઆઈ શ્રી એમ. જે. બડમલીયા, મહિલા પીએસઆઈ શ્રી આર. બી. સોલંકી, આચાર્ય શ્રી ડી. જી. જોષી તથા કરાટે અકેડમીનાં જિલ્લાનાં વડા સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

રાણાવાવ સ્થિત શ્રી રાણાવડવાળા કન્યા શાળા ખાતે ૧૬૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સીપીઆઈ શ્રી એ. એલ. આચાર્ય, શાળાનાં આચાર્ય શ્રી ગોપાલભાઈ પી. બુટાણી તથા કરાટે કોચ શ્રી જયેશભાઈ ખેતરપાળ તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં.

એરપોર્ટ રોડ સ્થિત આદર્શ નિવાસી એસ.સી. ગર્લ્સ સ્કૂલ ખાતે ૧૪૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે નાયબ પોલીસ અધિક્ષક શ્રી એમ. ડી. જાડેજા, મહિલા પોલીસ સબઈન્સ્પેક્ટર શ્રી આર. બી. સોલંકી, શાળાનાં આચાર્ય શ્રી ઉન્નતસિંહ મહીડા તથા સેનસાઈ શ્રી કેતનભાઈ કોટીયા ઉપસ્થિત રહ્યાં હતાં.

રાણાવાવ સ્થિત આર. એન્ડ આર. એલ. ઠકરાર હાઈસ્કૂલ ખાતે ૪૧ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે મહિલા પોલીસ સબઈન્સ્પેક્ટર શ્રી આર. બી. સોલંકી, શાળાનાં આચાર્ય શ્રી કૌશિક એમ. મેસવાનીયા તથા કરાટે કોચ શ્રી જયેશ ખેતરપાળ તેમની ટીમ સહિત ઉપસ્થિત રહ્યાં હતા.

# આણંદ ખાતે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત શાળા-કોલેજોમાં મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો યોજાઈ





સુરક્ષા સેતુ સોસાયટી, આણંદ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીની આણંદ શાખાના સહયોગથી જયારથી આ સોસાયટી અસ્તિત્વમાં આવી છે ત્યારથી મહિલા સ્વબચાવની શિબિરોનું સતત આયોજન કરવામાં આવી રહ્યું છે.

આણંદ જિલ્લા પોલીસ દ્વારા આણંદ શહેર જ નહીં પરંતુ નાના નાના ગામડાઓમાં આવેલી શાળા, કોલેજોમાં સ્વબચાવની શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી આ શિબિરોમાં વિદ્યાર્થીનીઓને પંચ, બ્લોક, કીક વગેરે જેવી પ્રહાર કરવાની તથા બચાવ કરવાની પદ્ધતિઓ શીખવવામાં આવે છે. સાથે સાથે તેમને કોઈ વ્યક્તિ પકડી લે તો કેવી રીતે છૂટવું તથા પોતાની સાથે રહેલ દુપટ્ટો, બોલપેન, હેરપીન વગેરે જેવા સાધનોનો હથિયાર તરીકે કેવી રીતે ઉપયોગ કરી શકાય તેનું પણ ક્રિયાત્મકરૂપે પ્રશિક્ષણ આપવામાં આવી રહ્યું છે.

આ કાર્યક્રમ અંતર્ગત શ્રી શ્રી રવિશંકર વિદ્યા મંદિર, બાકરોલ ખાતે ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. જેમાં ૫૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ શિબિરમાં અકેડમીનાં કોચ સેનસાઈ શ્રી કમલેશ વસાવા તથા કોચ સેનસાઈ શ્રી મેહુલભાઈ ઠક્કર દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સમાપન સમારોહ પ્રસંગે આણંદ જિલ્લાનાં નિયામક સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કર તથા વિદ્યાલયનાં ડાયરેક્ટર શ્રી



વર્ષાબહેન કપાસીએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

વાસદના અડાસ સ્થિત વસંતપુરા ખાતે આવેલ પ્રાથમિક શાળામાં ૪૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં કોચ તરીકે સેનસાઈ શ્રી મેહુલ ઠક્કર તથા કુ. મીના મુનિયાએ સેવાઓ પ્રદાન કરી હતી. સમાપાન સમારોહ પ્રસંગે સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કર, આચાર્યા શ્રી હેમાંગીનીબહેન તથા વાસદનાં પોલીસ કોન્સ્ટેબલ શ્રી રજનીભાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

વાસદનાં જ અડાસ સ્થિત સરોજબાળા કન્યા શાળા તથા દેણાપુર ખાતે આવેલ પ્રાથમિક શાળામાં પણ ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો યોજાઈ ગઈ. જેમાં ૧૯૨ વિદ્યાર્થીનીઓને કોચ સેનસાઈ કુ. પ્રતિભા પીંપલગાંવકર તથા કુ. મીના મુનિયા દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. સમાપન પ્રસંગે સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કર ઉપરાંત શાળાનાં આચાર્યા શ્રી મમતાબહેન, આચાર્યા શ્રી નીતુબા જાડેજા તથા એલસીબી કોન્સ્ટેબલ શ્રી કુલદીપભાઈએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી હતી.

આણંદ સ્થિત ફાર્માસી કોલેજ ખાતે ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરમાં ૭૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. અકેડમીના કોચ સેનસાઈ કુ. પ્રતિમા પીંપલગાંવકર અને કુ. નંદિની પારેખ દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ખંભોળજનાં ખડીપુરા ગામે આવેલ પ્રાથમિક શાળામાં ૧૧ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ ગઈ. જેમાં ૪૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. કરાટે અકેડમીના કોચ સેનસાઈ કુ. પ્રતિમા પીંપલગાંવકર તથા કુ. મીના મુનીયા દ્વારા વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કર તથા શાળાનાં આચાર્ય શ્રી ગજેન્દ્રભાઈ જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

શ્રી આર. કે. પારીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ ખાતે યોજાયેલ શિબિરમાં સેનસાઈ શ્રી કમલેશ વસાવા તથા કુ. મીના મુનિયા દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપાન પ્રસંગે પેટલાદનાં પી.આઈ. શ્રી હરદેવસિંહ વાઘેલા કોલેજના આચાર્ય શ્રી વિમલભાઈ જોષી, સેનસાઈ શ્રી જિગ્નેશભાઈ ઠક્કર, ફિઝીકલ ડાયરેક્ટર શ્રી મહેન્દ્રસિંહ મંડોરા તથા વુમન ડેવલપમેન્ટ સેલનાં કન્વીનર શ્રી સુધાબહેન વ્યાસ, શ્રી પ્રતિક્ષાબહેન વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

વિદ્યાનગરના સંદેસર સ્થિત સૂરજબા કન્યા શાળા ખાતે યોજાયેલ શિબિરમાં ૧૧૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. જેમાં કોચ તરીકે શ્રી મેહુલ ઠક્કર તથા કુ. મીના મુનિયાએ સેવાઓ પ્રદાન કરી હતી. સમાપન પ્રસંગે જિલ્લા નિયામક સેનસાઈ શ્રી જિગ્નેશ ઠક્કર તથા આચાર્યા શ્રી દેવનાબહેન ઉપસ્થિત રહ્યાં હતાં.





# સુરેન્દ્રનગર જિલ્લામાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ૬૮૫૮ વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની તાલીમ અપાઈ







ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી જિલ્લાની વિવિધ શાળા તથા કોલેજની ૬૮૫૮ જેટલી વિદ્યાર્થીનીઓને છેલ્લા છ માસ દરમ્યાન સ્વબચાવની તાલીમ આપવામાં આવેલ.

જેમાં થાનગઢ સ્થિત શ્રી મ્યુનિસિપલ હાઈસ્કૂલ ખાતે ૩૪૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત થાનગઢની ઉચ્ચ પ્રાથમિક શાળાઓ નં. ૯, ૧૩, ૧૫ અને ૧૭માં પણ ચારેય શાળાની મળીને કુલ ૫૨૮ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પીઆઈ શ્રી એચ. એમ. વાળા, કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, જાણીતા હાસ્ય કલાકાર શ્રી શાહબુદીન રાઠોડ, નગરપાલિકા પ્રમુખ શ્રી રાણીબેન બી. પરમાર, પોલીસ સબઈન્સ્પેકટર શ્રી બી. એન. ડાભી, શાળાનાં આચાર્ય શ્રી દિગ્પાલસિંહ વી. ગોહિલ, ગુરુજી (સરસ્વતી શિશુ મંદિર) શ્રી હસમુખભાઈ હડીયલ, શિશુમંદિર પ્રધાનાચાર્યા શ્રી ગાયત્રીબેન ભોજાણી, નગરપાલિકા ઉપપ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ બી. નકુમ, નગરપાલિકા સદસ્ય શ્રી અરૂણાબેન દેસાઈ, તાલુકા પ્રમુખ શ્રી જેઠાભાઈ ઝાલા, મહિલામોરચો ભાજપ મહામંત્રી શ્રી બીનાબેન ડોડીયા, કોચ શ્રી સુરજ ત્રિપાઠી તથા તેમના સહાયક કોચ શ્રી દુષ્યંત જાદવ ઉપસ્થિત રહ્યાં હતાં.

અન્ય શિબિરોમાં સુરેન્દ્રનગર સ્થિત એસ. સી. યુ. શાહ મ્યુનિ. (વિકાસ ગર્લ્સ) હાઈસ્કૂલ ખાતે શાળાની ૪૯૯ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સિટી પોલીસ સ્ટેશનનાં પી. આઈ. શ્રી ગોહિલ, શાળાનાં આચાર્યા શ્રીમતી હર્ષદબા જાડેજા, કરાટે અકેડમીના ડિસ્ટ્રીક્ટ ડાયરેકટર સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ તથા મદદનીશ શિક્ષક શ્રી પંકજભાઈ યાદવ ઉપસ્થિત રહ્યાં હતાં.

વઢવાણ સિટી સ્થિત શ્રીમતી એસ.જે. વરમોરા કોલેજ ખાતે ૩૬૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પોલીસ સબઈન્સ્પેકટર શ્રી પી. કે. ગોહિલ, આચાર્યા શ્રીમતી મિત્તલબેન શાહ તથા સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

ધ્રાંગધ્રા સ્થિત શ્રી એમ. ડી. એમ. કન્યા વિદ્યા મંદિર ખાતે ૬૫૭ વિદ્યાર્થીનીઓને તથા શ્રી એમ. એમ. શાહ સંસ્કાર વિદ્યાલય ખાતે ૧૯૩ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ તમામ વિદ્યાર્થીનીઓને સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈના માર્ગદર્શનમાં નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા તાલીમ આપવામાં આવી હતી.

સુરેન્દ્રનગર બાલાશ્રમ કેમ્પસ સ્થિત પે. સેન્ટર શાળા નં. ૫ ખાતે ૧૪૩ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે સુરેન્દ્રનગર સિટી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સપેકટર શ્રી આર.વી. ડામોર, આચાર્ય શ્રી જીવણભાઈ બાર તથા પોલીસ કોન્સ્ટેબલ શ્રી લાલજીભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

લીંબડી સ્થિત શ્રી સરસ્વતી માધ્યમિક વિદ્યાલય ખાતે ૧૧૯ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદનાં સૌરાષ્ટ્ર પ્રાંતના સેક્રેટરી શ્રી બકુલભાઈ ખાખીલ પોલીસ સબઈન્સ્પેકટર શ્રી બી. ડી. ગોહિલ તથા શાળાનાં આચાર્યા શ્રીમતી વર્ષાબેન દવે ઉપસ્થિત રહ્યાં હતાં.

સુરેન્દ્રનગર સ્થિત શ્રી કિરચંદભાઈ કોઠારી મિડલ સ્કૂલ ખાતે ૧૪૧ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે શાળાનાં આચાર્યા શ્રીમતી રીન્કુબેન ક્રિશ્ચિયન, કરાટે અકેડમીના ડિસ્ટ્રીક્ટ ડાયરેકટર સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ તથા શિબિર દરમ્યાન પ્રશિક્ષણ આપનાર કરાટે કોચ શ્રી મુકેશ દમાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

શ્રી સુરેન્દ્રનગર પ્રાથમિક શાળા નં.૪ ખાતે શાળાની ૧૦૧ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું



પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે શાળાનાં આચાર્ય શ્રી કિરતારસિંહ એ. પરમાર, સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ તથા કોચ શ્રી મહેશભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

લખતર સ્થિત શ્રીમતી એ. વી. ઓઝા સંસ્કાર વિદ્યાલય ખાતે ૨૨૯ વિદ્યાર્થીનીઓને તથા પે. સેન્ટર શાળા નં-૨ ખાતે ૧૨૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પોલીસ સબઈન્સ્પેકટર શ્રી વી. પી. જાડેજા, શાળાનાં આચાર્યા શ્રીમતી મેબલબેન બી. પટેલ અને પે સેન્ટર શાળનાં આચાર્ય શ્રી ભરતભાઈ જેસડીયા ઉપરાંત કરાટે અકેડમીના સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.





# ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો દ્વારા ૨૫૭૪ વિદ્યાર્થીનીઓનું સશક્તિકરણ









ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકડેમીના સહયોગથી છેલ્લા ચાર માસ દરમ્યાન જિલ્લાની વિવિધ શાળા તથા કોલેજની ૨૫૭૪ જેટલી વિદ્યાર્થીનીઓને સ્વબચાવની તાલીમ આપવામાં આવેલ.

જેમાં અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા કૃષિ વિદ્યાલય ખાતે ૧૬૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, પીએસઆઈ શ્રીમતી અનિલાબેન બ્રહ્મભટ્ટ તથા શાળાનાં આચાર્ય શ્રી સુરેશભાઈ એન. પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

અડાલજ સ્થિત શ્રીમતી માણેકબા પ્રાથિમક શાળા ખાતે યોજાયેલ શિબિરમાં શાળાની ૮૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પીએસઆઈ શ્રીમતી અનિલાબેન બ્રહ્મભટ્ટ, શાળાનાં આચાર્યા શ્રીમતી નિકેતાબેન પાઠક ઉપસ્થિત રહ્યાં હતાં.

બાશ્રી વસંતકુંવરબા કન્યા વિદ્યાલય, સેક્ટર-૨૮ ખાતે કોચ શ્રી સુરજ ત્રિપાઠી તથા તેમની ટીમ દ્વારા ૩૬૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહ પ્રસંગે શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા શાળાના આચાર્યા શ્રી મૃદુલાબેન એ. ગોસાઈ ઉપસ્થિત રહ્યાંહતાં.

કરાટેનાં સિનીયર કોચ શ્રી સોમાજી ચૌહાણનાં માર્ગદર્શનમાં તેમના નિષ્ણાતોની ટીમ દ્વારા સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલ રકનપુર પ્રાથમિક શાળાની ૧૦૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહ પ્રસંગે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી બી. એન. દવે, શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા શાળાના આચાર્યા શ્રી હંસાબેન બી. પટેલ કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત રહ્યાં હતાં.

સાંતેજ પ્રાથમિક શાળાની ૯૫, અંબાજીપુરા પ્રાથમિક શાળા ખાતે ૯૫ અને મહારાણા પ્રતાપ હિન્દી સ્કૂલ ખાતે ૯૫ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

આજોલ સ્થિત સંસ્કારતીર્થ કન્યા વિદ્યાલય ખાતે ૨૬૩ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ચરાડા સ્થિત કે.જી. હાઈસ્કૂલ અને શ્રીમતી આર.જે. ચૌધરી ઉ.મા. શાળાની ૧૬૬ વિદ્યાર્થીનીઓને તથા મોદી ચં. ગો. પ્રાથમિક શાળાની ૫૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.જી. પટેલ અને એસ.બી. કન્યા ઉ.મા. શાળાની ૨૯૨ વિદ્યાર્થીનીઓને કોચ શ્રી સુરજ ત્રિપાઠી તથા તેમની ટીમ દ્વારા સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન સમારોહ પ્રસંગે પીએસઆઈ શ્રીમતી પૂર્વામેડમ, શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા શાળાનાં આચાર્યા શ્રીમતી

(અનુ. પાન - ૪ ઉપર)

## શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય, સેક્ટર-૩૦ ખાતે

# ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર યોજાઈ



ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા મહિલા સશક્તિકરણનાં ભાગરૂપે ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિર સેક્ટર-૩૦ સ્થિત શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે યોજાઈ ગઈ. આ શિબિરમાં શાળાની ૯૦ વિદ્યાર્થીનીઓને કોચ શ્રી સુરજભાઈ ત્રિપાઠી તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

શિબિરનાં સમાપન પ્રસંગે એએસપી શ્રી કરણરાજ વાઘેલા તથા વાડોકાઈ કરાટે-ડો અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

યુવા આઈપીએસ અધિકારી એએસપી શ્રી કરણરાજ વાઘેલાએ પોતાના વક્તવ્યમાં સુરક્ષા સેતુ પ્રોજેક્ટનો હેતુ સમજાવ્યો હતો. તેમણે વધુમાં કહ્યું હતું કે જે વ્યક્તિનાં જીવનમાં આત્મવિશ્વાસ અને અનુશાસન છે તે વ્યક્તિ સફળ બને છે. કરાટેનાં અભ્યાસથી વ્યક્તિનો આત્મવિશ્વાસ વધે છે અને જીવનમાં અનુશાસનના ગુણોનો વિકાસ થાય છે.

કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની કળાનું મહત્વ સમજાવી ૧૫ દિવસો દરમ્યાન મેળવેલ જ્ઞાનનો નિયમિત અભ્યાસ કરતા રહેવાનો સંકલ્પ લેવડાવ્યો હતો. કાર્યક્રમનાં પ્રારંભમાં શાળાનાં પ્રાચાર્ય શ્રી યુવરાજસિંહ વાઘેલાએ સ્વાગત કરી સૌને આવકાર્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા સ્ટ્રીટ ફાઈટનું નિદર્શન કરી અંતમાં રોમાંચક એવા બ્રેકીંગનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

# મહેસાણા ખાતે ૧૯૪૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ અપાયું

મહેસાણા જિલ્લા પોલીસ દ્વારા ચાલુ વર્ષે વાડોકાઈ કરાટે-ડો એકેડમી, ગુજરાતનાં સહયોગથી વિસનગર અને વિજાપુર તાલુકા વિસ્તારોમાં આવેલ વિવિધ શાળાઓમાં સ્વબચાવની પ્રશિક્ષણ શિબિરોનું સંચાલન કરવામાં આવ્યું હતું.

સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત યોજાયેલ આ શિબિરોનો પ્રારંભ વિસનગર સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી પરીખ ડી. ડી. કન્યા શાળા તથા વિસનગર તાલુકા પ્રાથમિક શાળાથી કરવામાં આવ્યો હતો.





કરાટેનાં નિષ્ણાત સિનીયર બ્લેક બેલ્ટ સેનસાઈ શ્રી રાજેષભાઈ બુંદેલા તથા તેમની ટીમના નિષ્ણાત પ્રશિક્ષકો દ્વારા બંને શાળાની મળીને કુલ ૧૦૭૮ વિદ્યાર્થીનીઓને વર્ગવાઈઝ અલગ અલગ બેચમાં પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

શિબિરના ઉદ્‌ઘાટન સમારોહમાં મહિલા પીએસઆઈ શ્રી ડી. એસ. ભટોર તથા સ્થાનિક પીએસઆઈ શ્રી એ. વી. પાનમીયા અને શાળાનાં આચાર્યા શ્રી શોભનાબહેન બી. શાહ તથા અન્ય ટ્રસ્ટીગણનાં સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

૧૫ દિવસોની તાલીમ બાદ સમાપન પ્રસંગે વાડોકાઈ કરાટેએકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા સંરક્ષક શ્રી અભેરાજભાઈ ચૌધરી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં.

શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની કળાનું મહત્વ, લાભ અને ઉપયોગીતા વિશે વિસ્તૃત સમજ આપી હતી. તેમણે વિદ્યાર્થીનીઓને આ કળાનો નિયમિત અભ્યાસ કરતા રહેવાનો સંકલ્પ લેવડાવ્યો હતો.



ત્યારબાદ વિસનગર રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારની અંતરીયાળ ગામોમાં આવેલી સાત શાળાઓમાં શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૫૯ વિદ્યાર્થીનીઓને સેનસાઈ શ્રી હિરેનભાઈ રાઠોડ તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

એસ. બી. ચૌધરી પ્રગતિ વિદ્યાલય, બાસણા ખાતે યોજાયેલ સમાપન સમારોહમાં શિહાન શ્રી અરવિંદભાઈ રાણા તથા સંરક્ષક શ્રી અભેરાજભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં.

વિજાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ પીલવાઈ ગામની આર્ટ્સ, કોમર્સ એન્ડ સાયન્સ કોલેજ ખાતે યોજાયેલ શિબિરમાં ૨૪૦ વિદ્યાર્થીનીઓ જોડાઈ હતી. આ ઉપરાંત સરકારી આઈટીઆઈ ખાતે યોજાયેલી શિબિરમાં ૧૧૧ વિદ્યાર્થીનીઓ અને સરસ્વતી વિદ્યાલય ખાતે યોજાયેલ શિબિરમાં ૫૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. સેનસાઈ શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા તથા તેમની ટીમ દ્વારા આ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

# ૧૫મી ઓગષ્ટનાં રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા ખાતે ૫૦૦ વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વબચાવની ટેક્નિક્સનું ભવ્ય નિદર્શન કરવામાં આવ્યું

આ વર્ષે સુરેન્દ્રનગરનો જિલ્લા કક્ષાનો ૧૫મી ઓગષ્ટની કાર્યક્રમ ચોટીલા ખાતે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ દરમ્યાન ચોટીલાની વિવિધ શાળાઓમાં યોજાયેલ ૧૫ દિવસીય મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરમાં ભાગ લીધેલી ૧૦૮૫ પૈકી ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ દ્વારા ભવ્ય નિદર્શનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.



આ કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર શ્રી ઉદીત અગ્રવાલ, પોલીસ અધિક્ષક શ્રી આર. વી. અસારી સહિત ઉચ્ચ વહીવટી તથા પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

આ કાર્યક્રમમાં એડવાન્સ ટેક્નિક્સના નિદર્શન માટે સેનસાઈ શ્રી ચક્રબહાદુર દમાઈના માર્ગદર્શનમાં તેમની સુરેન્દ્રનગરની વિદ્યાર્થીનીઓની ટીમે ખાસ ઉપસ્થિત રહી વિવિધ એડવાન્સ ટેક્નિક્સનું રોમાંચક નિદર્શન કર્યું હતું.

ચોટીલાની સ્થાનિક શાળાઓ શ્રી જે. પી. કોઠારી પ્રાથમિક શાળાની ૨૧૪ વિદ્યાર્થીનીઓ, શ્રી એન. એન. શાહ ઉચ્ચતર માધ્યમિક શાળાની ૨૬૬ વિદ્યાર્થીનીઓ, શ્રી ઉત્તર બુનિયાદી કન્યા વિદ્યાલયની ૩૦૮ વિદ્યાર્થીનીઓ, શ્રી પ્રાથમિક શાળા નં-૨ની ૧૫૬ વિદ્યાર્થીનીઓ, ભીમોરાની શ્રી ઉત્તર બુનિયાદી કન્યા શાળા, ૧૪૧ વિદ્યાર્થીનીઓને સ્વબચાવની કળાનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રશિક્ષણ સનેસાઈ શ્રી કમલ દવેનાં માર્ગદર્શનમાં કોચ શ્રી ચિંતન પરમાર તથા મદદનીશ કોચ શ્રી હાર્દિક ચૌહાણે પ્રશિક્ષણ આપ્યું હતું.

# અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરો દ્વારા છેલ્લા પાંચ માસમાં ૫૮૫૩ વિદ્યાર્થીનીઓનું સશક્તિકરણ




ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવેલ સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ જિલ્લા પોલીસ દ્વારા વાડોકાઈ કરાટે-ડો અકેડમીના સહયોગથી જિલ્લાની વિવિધ શાળા તથા કોલેજની ૫૮૫૩ જેટલી વિદ્યાર્થીનીઓને છેલ્લા પાંચ માસ દરમ્યાન સ્વબચાવની તાલીમ આપવામાં આવેલ.



જેમાં વિરમગામ સ્થિત કે. બી. આર વિનય મંદિર ખાતે ૩૫૬ વિદ્યાર્થીનીઓને, કરકથલ સ્થિત કરકથલ પ્રાથમિક શાળા, વિરમગામ ખાતે ૧૬૯ વિદ્યાર્થીનીઓને તથા સચાણા સ્થિત સચાણા પે સેન્ટર પ્રાથમિક શાળા ખાતે ૧૫૮ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે વિરમગામ ટાઉનના પોલીસ ઈન્સપેક્ટર શ્રી એમ.એમ. ગાંગુલી, વિરમગામ ગ્રામ્યનાં પોલીસ સબઈન્સ્પેક્ટર શ્રી એસ. એન. રામાણી ઉપસ્થિત રહ્યાં હતાં. આ તમામ સ્થળોએ સિનીયર કોચ સેનસાઈ શ્રી રાજેષભાઈ બુંદેલાના નેતૃત્વમાં બ્લેક બેલ્ટ નિષ્ણાતોની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.






નળ સરોવર રોડ, સાણંદ સ્થિત શ્રી જે. ડી. જી. સંસ્કાર કન્યા વિદ્યાલયની ૨૫૮ તથા શ્રી સંસ્કાર પ્રાથમિક શાળાની ૧૯૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે કરાટે અકેડમીના ટેકનિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, પોલીસ કોન્સ્ટેબલ શ્રી હરદીપસિંહ સીસોદીયા તથા WPC શ્રી પારુલબા ગોહિલ ઉપસ્થિત રહ્યાં હતાં. આ તમામ વિદ્યાર્થીનીઓને અકેડમીનાં કોચ સેનસાઈ શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ધોળકા સ્થિત શ્રીમતી બી. પી. એમ ગર્લ્સ હાઈસ્કૂલ ખાતે ૩૬૫ તથા શ્રી એમ. કે. પટેલ પ્રાથમિક શાળા ખાતે ૮૦ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે. વી. દાફડા, હેડ કોન્સ્ટેબલ શ્રી હિતેષભાઈ દરજી, પોલીસ મિત્ર શ્રી ધર્મેશભાઈ બારોટ તથા પોલીસ મિત્ર શ્રી યોગેન્દ્રપ્રસાદ ભાતિયા ઉપસ્થિત રહ્યાં હતાં.

અસલાલી સ્થિત શ્રી યુ.એલ. પટેલ ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે ૨૬૪ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત પીરાણા સ્થિત પિરાણા પ્રાથમિક શાળા તથા દસ્ક્રોઈ સ્થિત ગીતા હાઈસ્કુલ અને પ્રાથમિક શાળામાં પણ વિદ્યાર્થીનીઓ માટે સ્વબચાવની શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેનસાઈ શ્રી જય બુંદેલા તથા તેમની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.



બાવળા સ્થિત એ. એન. એમ. ટ્રેનિંગ સ્કૂલ ઓફ નર્સિંગ અને શ્રી સી.એમ. અમીન પ્રાઈમરી સ્કૂલ ખાતે યોજાયેલી શિબિરમાં ૧૨૮ જેટલી વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત નગર પે. સેન્ટર પ્રાથમિક શાળા ખાતે ૧૦૯ તથા બ્રાન્ચ કન્યા પ્રાથમિક શાળાની ૧૧૭ વિદ્યાર્થીનીઓને પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

બાવળા સ્થિત એસ. એમ. પટેલ વિદ્યામંદિરની ૨૦૬ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. જેના સમાપન પ્રસંગે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી જે.એમ. ચુડાસમા, કરાટે અકેડમીના ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, આચાર્ય શ્રી મેહુલ સી. પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. બાવળા ખાતે યોજાયેલ તમામ શાળાઓમાં ભાવનગરનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી કમલ દવેના માર્ગદર્શનમાં મદદનીશ કોચની ટીમ દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

અકેડમીનાં સિનીયર કોચ શ્રી સુરેન્દ્રસિંહ વાઘેલા દ્વારા સાણંદ ખાતે બીજા તબક્કાની શિબિરોમાં સેંટ મેરીસ હાઈસ્કૂલની ૧૫૬, શ્રી એમ. એમ. શારદા વિદ્યામંદિરની ૮૪, સાણંદ સ્થિત કુમાર શાળા-૧ની ૧૩૧ તથા બકરાણા પ્રાથમિક શાળાની ૧૨૩ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

અમદાવાદ ગ્રામ્ય પોલીસ દ્વારા આ વર્ષે ધોલેરા ખાતે ૧૫મી ઓગષ્ટનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ધોલેરા ખાતે યોજાયેલ મહિલા સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરની વિદ્યાર્થીનીઓ દ્વારા સામુહિક નિદર્શન કરવામાં આવ્યું હતું. અકેડમીનાં સિનીયર કોચ સેનસાઈ શ્રી કમલ દવે તથા તેમની ટીમ દ્વારા આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

અત્રે એ ઉલ્લેખનીય છે કે ધોલેરા સ્થિત અનુ.જાતિ, બક્ષીપંચ, ઉત્તર બુનીયાદી આશ્રમ શાળાની ૧૪૧, શ્રી જે. એન. વિદ્યામંદિર શાળાની ૬૮, શ્રી પ્રાથમિક કન્યા શાળાની ૬૭ તથા પે સેન્ટર કુમાર શાળાની ૨૨ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

ધોળકા ખાતે બીજા તબક્કાની શિબિરોમાં આંબલીયારા સ્થિત ભારતી વિનયમંદિરની ૯૦, કેલીયા-વાસણા સ્થિત સરસ્વતી વિદ્યામંદિરની ૨૧૩, મોહંમદી પ્રાથમિક શાળાની ૨૪૪, એમ. આઈ. કુપ્પીવાલા ગર્લ્સ હાઈસ્કૂલની ૪૦૫, શ્રી ડી.ડી. કન્યા છાત્રાલયની ૪૧ વિદ્યાર્થીનીઓને સ્વબચાવનું પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું.

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની ગાંધીનગર શાખા દ્વારા આયોજિત

# જિલ્લા કક્ષાની આંતર શાળાકીય કરાટે સ્પર્ધામાં હિલવુડ સ્કુલની ટીમ ચેમ્પીયન બની

ઓલ ઈન્ડિયા વાડોકાઈ કરાટે-ડો એસોસીએશનની ગુજરાત બ્રાન્ચ દ્વારા વાડોકાઈ કરાટે-ડોઅકેડમી, ગાંધીનગરનાં સહયોગથી દર વર્ષે ઈન્ટરસ્કુલ કરાટેચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ સ્પર્ધા સેન્ટ ઝેવિયર્સ સ્કુલ, સેક્ટર-૮ ખાતે યોજવામાં આવી હતી. જેમાં ગાંધીનગરજિલ્લાની વિવિધ ૨૩ શાળાઓનાં ૧૨૧ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

૩૧મી ઓક્ટોબરનાં રોજ યોજાયેલી આ સ્પર્ધામાં સેક્ટર-૨૫ ખાતે આવેલ હિલવુલ સ્કુલનાં વિદ્યાર્થીઓએ ૭ ગોલ્ડ, ૫ સિલ્વરઅને ૧૧ બ્રોન્ઝ મેડલ્સ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જ્યારે લેંકાવાડા સ્થિત ચૈતન્ય સ્કુલનાં વિદ્યાર્થીઓએ ૪ ગોલ્ડ અને ૪ બ્રોન્ઝ મેડલ્સ મેળવી દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સ્પર્ધાનો પ્રારંભ સેક્ટર-૭ સ્થિત પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે. એમ. પ્રિયદર્શી દ્વારા કરાવવામાં આવ્યો હતો. ઉદ્દઘાટન સમારોહમાં કરાટે અકેડમીનાં વડા શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, સેન્ટ ઝેવીયર્સ સ્કુલનાં આચાર્ય ફાધર હેક્ટર, રોટરી ક્લબનાં પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયા, પૂર્વ પ્રમુખ શ્રી યુવરાજસિંહ વાઘેલા, શ્રીમતી અમીબહેન શાહ, ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા વગેરે ખાસ ઉપસ્થિત રહ્યાં હતા.

શાળાનાં આચાર્ય ફાધર હેક્ટરે ૨૦ વર્ષ અગાઉ તેમના આવ્યા પહેલાના સમયથી નિયમિત રીતે ચાલતા કરાટે વર્ગોની કામગીરીને પ્રસંશા કરી હતી.શિહાન શ્રી અરવિંદભાઈ રાણાએ અતિથિઓને આવકારી કરાટે સ્પર્ધાનાં આયોજન તથા










સ્પર્ધાની ઉપયોગીતા વિષે સમજણ આપી હતી.

સમાપન સમારોહ પ્રસંગે કેટલીક ફાઈનલ ફાઈટ્સ અતિથિઓની ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી.ત્યારબાદ વિજેતા ખેલાડીઓને મંચસ્થ મહાનુભાવોના હસ્તે મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા. અંતમાં વિજેતા બનેલી હિલવુડ સ્કુલની ટીમને શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, કરાટે અકેડમીનાં સંરક્ષક શ્રી જગતભાઈ કારાણી, શ્રી યુવરાજસિંહ વાઘેલા તથા રોટરી ક્લબ ઓફ કેપિટલનાં પ્રમુખ શ્રી મનોજભાઈ સરૈયાનાં વરદ હસ્તે ચેમ્પીયન ટ્રોફી તથા દ્વિતીય સ્થાને રહેલી ચૈતન્ય સ્કુલની ટીમને રનર અપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# વાડોકાઈ કરાટે-ડો અકેડમીની આણંદ શાખા દ્વારા આયોજિત ઈન્ટરસ્કુલ કરાટે ચેમ્પિયનશીપમાં પિન્ટો સ્કુલની ટીમ ચેમ્પિયન

વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતની આણંદ શાખા દ્વારા આણંદ ડિસ્ટ્રીક્ટ ઈન્ટર સ્કુલ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૧૫નું આયોજન ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૨૦૧૫ને રવિવારના રોજ આણંદ સ્થિત ચરોતર પ્રદેશ આર્યસમાજમાં કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં આણંદ જિલ્લાની વિવિધ શાળાઓ પૈકી આણંદ સ્થિત આણંદ ઈંગ્લિશ મિડિયમ સ્કુલ, કરમસદ સ્થિત નોલેજ કિડ્સ સ્કુલ, ડભોઉ સ્થિત એમ. બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કુલ, બાકરોલ સ્થિત પિન્ટોસ્ સ્કુલ, ખેતીવાડી સ્થિત સરદાર પટેલ બાલશાળા, ચાવડાપુરા સ્થિત સેન્ટ ઝેવિયર્સ સ્કુલ અને વલ્લભ વિદ્યાનગર સ્થિત વી એન્ડ સી પટેલ ઈંગ્લિશ સ્કુલના ૨૫૦ જેટલા





ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સ્પર્ધાને સફળ બનાવી હતી. સ્પર્ધામાં સિનિયર બ્લેકબેલ્ટ નિષ્ણાતોએ નિર્ણાયક તરીકે માનદસેવાઓ આપી હતી.

સ્પર્ધાના સમાપન સમારોહમાં વાડોકાઈ કરાટે-ડો અકેડમી, ગુજરાતના ટેક્નિકલ ડાયરેક્ટર શિહાન શ્રી અરવિંદભાઈ રાણા, એડિશનલ ચીફ ઈન્સ્ટ્રક્ટર સેનસાઈ શ્રી ગૌરાંગભાઈ રાણા, રાજન ગેસના માલિક તથા ચરોતર પ્રદેશ આર્યસમાજના મંત્રી આર્કિટેક્ટ શ્રી અશોકભાઈ પટેલ, આર્યસમાજના અંતરંગ સભ્ય શ્રી રાજેન્દ્રસિંહ રાજ, પિન્ટોસ્ સ્કુલના આચાર્યા શ્રી સિલ્વિયા પિન્ટો,આણંદ જિલ્લાના ડિસ્ટ્રીક્ટ ડાયરેક્ટર સેનસાઈ શ્રી જિજ્ઞેશભાઈ ઠક્કર ઉપસ્થિત રહ્યાં હતાં. મહાનુભાવોના વરદ હસ્તે વિજેતા ખેલાડીઓને મેડલ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધામાં ૧૦ ગોલ્ડ મેડલ્સ, ૬ સિલ્વર મેડલ્સ અને ૧૫ બ્રોન્ઝ મેડલ્સ સાથે પિન્ટોસ્ સ્કુલની ટીમ પ્રથમસ્થાને રહીને ચેમ્પિયન બની હતી. જ્યારે ૮ ગોલ્ડ મેડલ્સ, ૮ સિલ્વર મેડલ્સ અને ૧૯ બ્રોન્ઝ મેડલ્સ મેળવીને વી એન્ડ સી પટેલ ઈંગ્લિશ સ્કુલની ટીમ દ્વિતિય સ્થાને રહી રનર્સઅપ બની હતી. અંતે સેનસાઈ શ્રી દર્શના ઠકરારે આભારવિધિ કરી હતી. સમાપન સમારોહનું સફળ સંચાલન સેનસાઈ શ્રી કમલેશ વસાવા દ્વારા કરવામાં આવ્યું હતું.